એન્જિનિયરિંગમાં 59 ટકા બેઠકો ખાલી

દક્ષિણ ગુજરાતમાં સરકારી અને પ્રતિષ્ઠિત કોલેજોમાં પ્રથમ રાઉન્ડમાં જ હાઉસફુલ સ્થિતિ, ખાનગી કોલેજોમાં બેઠકો ખાલી

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં એન્જિનિયરિંગ અભ્યાસક્રમ માટેની પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સંદેશ આપ્યો છે. વિદ્યાર્થીઓ હવે માત્ર એન્જિનિયરિંગની ડિગ્રી મેળવવા માટે પ્રવેશ લેતા નથી, પરંતુ તેઓ કોલેજની પ્રતિષ્ઠા, શૈક્ષણિક ગુણવત્તા, પ્લેસમેન્ટ રેકોર્ડ અને ભવિષ્યની કારકિર્દીની તકોને ધ્યાનમાં રાખીને સંસ્થા પસંદ કરી રહ્યા છે.

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ દ્વારા જાહેર કરાયેલા પ્રથમ રાઉન્ડના પરિણામ મુજબ દક્ષિણ ગુજરાતની 19 એન્જિનિયરિંગ કોલેજોમાં ઉપલબ્ધ કુલ 10,797 બેઠકોમાંથી માત્ર 4,422 બેઠકો જ ભરાઈ છે, જ્યારે 6,375 બેઠકો ખાલી રહી છે. એટલે કે કુલ બેઠકોમાંથી માત્ર 40.96 ટકા બેઠકો પર જ પ્રવેશ થયો છે અને 59.04 ટકા બેઠકો હજુ પણ ખાલી છે. પ્રથમ રાઉન્ડના પરિણામોમાં સૌથી નોંધપાત્ર બાબત એ રહી કે સરકારી અને લાંબા સમયથી શૈક્ષણિક વિશ્વસનીયતા જાળવી રાખનારી સંસ્થાઓમાં તમામ બેઠકો ભરાઈ ગઈ છે.

સુરતની ડૉ. એસ. એન્ડ એસ.એસ. ગાંધી ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજ-વલસાડ તથા સી.કે. પીઠાવાલા કોલેજ સહિતની સંસ્થાઓમાં ઉપલબ્ધ તમામ 2,225 બેઠકો પ્રથમ રાઉન્ડમાં જ ફાળવાઈ ગઈ છે. બીજી તરફ અનેક ખાનગી સંસ્થાઓ માટે સ્થિતિ ચિંતાજનક બની છે.

વર્ષોથી મોટી સંખ્યામાં બેઠકો ધરાવતી કેટલીક કોલેજોમાં વિદ્યાર્થીઓએ ખાસ રસ દાખવ્યો નથી. પરિણામે હજારો બેઠકો ખાલી રહી છે, જે એન્જિનિયરિંગ શિક્ષણ ક્ષેત્ર માટે ગંભીર સંકેત માનવામાં

વિદ્યાર્થીઓ અને વાલીઓ વધુ જાગૃત બન્યા

શૈક્ષણિક ક્ષેત્રના જાણકારોના મતે છેલ્લા કેટલાક વર્ષોમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ વધુ જાગૃત બન્યા છે. માત્ર નજીકની કોલેજ કે સરળ પ્રવેશના આધારે પસંદગી થતી નથી, પરંતુ પ્લેસમેન્ટ, ઇન્ડસ્ટ્રી કનેક્ટ, ફેકલ્ટી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સંસ્થાની વિશ્વસનીયતા જેવા પરિબળો વધુ મહત્વના બન્યા છે. પ્રથમ રાઉન્ડના પરિણામોએ સ્પષ્ટ કર્યું છે કે એન્જિનિયરિંગ ક્ષેત્રમાં હવે માત્ર બેઠકોની સંખ્યા વધારવાથી પ્રવેશ મળતા નથી. ગુણવત્તા અને પરિણામ આધારિત સ્પર્ધામાં જે સંસ્થાઓ વિદ્યાર્થીઓનો વિશ્વાસ જીતશે, તે જ આગામી વર્ષોમાં ટકી શકશે. બીજી તરફ મોટા પ્રમાણમાં ખાલી બેઠકો ધરાવતી ખાનગી સંસ્થાઓ માટે આગામી રાઉન્ડમાં વિદ્યાર્થીઓને આકર્ષવાનો પડકાર વધુ કઠિન બનવાનો છે.

ખાનગી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓનો અભાવ, 6,375 બેઠકો હજુ ખાલી

કીમ સ્થિત વિદ્યાદીપ ઇન્સ્ટિટ્યૂટમાં કુલ 1,691 બેઠકો સામે માત્ર 67 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. પરિણામે 1,624 બેઠકો ખાલી રહી છે, જે કુલ ક્ષમતાના 96.04 ટકા જેટલી થાય છે. તેવી જ રીતે સુરતની ભગવાન મહાવીર કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીમાં 1,630 બેઠકો સામે માત્ર 186 પ્રવેશ થયા છે અને 1,444 બેઠકો ખાલી રહી છે. આ ઉપરાંત ભગવાન અરિહંત ઇન્સ્ટિટ્યૂટમાં 90.68 ટકા અને મહાવીર સ્વામી કોલેજમાં 93.24 ટકા બેઠકો ખાલી રહી છે. પેસિફિક સ્કૂલ ઓફ એન્જિનિયરિંગમાં 82.45 ટકા તથા બારડોલીની છોટુભાઇ ગોપાલભાઇ પટેલ ઇન્સ્ટિટ્યૂટમાં 72.29 ટકા બેઠકો ખાલી રહેતા ખાનગી સંસ્થાઓ સામે વિદ્યાર્થીઓના ઘટતા રસની અસર સ્પષ્ટ જોવા મળી રહી છે. વિશેષ નોંધનીય બાબત એ છે કે માત્ર વિદ્યાદીપ અને ભગવાન મહાવીર કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી એમ બે સંસ્થાઓમાં જ કુલ 3,068 બેઠકો ખાલી રહી છે. આ આંકડો દક્ષિણ ગુજરાતની કુલ ખાલી બેઠકોના લગભગ 48 ટકા જેટલો થાય છે. જેના કારણે સમગ્ર વિસ્તારના પ્રવેશ ચિત્ર પર પણ તેની સીધી અસર પડી છે.

દક્ષિણ ગુજરાતની એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રથમ રાઉન્ડની સ્થિતિ

વિગતો	સંખ્યા
કુલ કોલેજો	19
કુલ બેઠકો	10,797
ભરાયેલી બેઠકો	4,422
ખાલી બેઠકો	6,375
બેઠકો ભરાવાનો દર	40.96%
ખાલી બેઠકોનો દર	59.04%

‘લૌટ કે…’ની જેમ આગેવાન જયેશ દેલાડની ફરી ખેડૂત સમાજમાં વાપસી

જયેશ દેલાડ ઓલપાડમાં ખેડૂત સમાજની રેલીમાં મોટી સંખ્યામાં પોતાના સમર્થકો સાથે જોડાયા

સુમુલમાં જયેશ દેલાડ 2020માં મેન્ડેટથી જ બિનહરીફ થયા હતા: બ્રિજેશ પટેલ

સુમુલમાં ભાજપના મેન્ડેટનો વિરોધ કરનાર જયેશ દેલાડને વળતો ઉત્તર આપતા સુમુલ ડેરીની ઓલપાડ બેઠક પરથી ફોર્મ ભરનાર બ્રિજેશ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ 2020માં કોંગ્રેસી પૃષ્ઠભૂમિ ધરાવતા જયેશ પટેલ દેલાડ ભાજપના બ્રિજેશ પટેલ સામે હાર જોઈને ભાજપમાં જોડાયા હતા. ત્યારબાદ કાચિંડાની જેમ રંગ બદલનાર જયેશ દેલાડ 2020માં ભાજપના મેન્ડેટથી જ બિનહરીફ ચૂંટાઈ પદ અને સત્તાનો લાભ મેળવ્યો હતો. જયેશ દેલાડ તકવાદી રાજકારણનો નમૂનેદાર ચહેરો છે.

સુરતઃ ‘લૌટ કે…’ની જેમ સુરત જિલ્લાના સહકારી અગ્રણી અને ખેડૂત નેતા જયેશભાઈ પટેલ (દેલાડ)ને પાંચ જ વર્ષમાં ભાજપનો મોહભંગ થઈ જવા પામ્યો છે. સુમુલ ડેરીના ડિરેક્ટર જયેશ પટેલ ભાજપમાં પ્રબળ દાવેદાર તરીકે ઉપસી આવે એ પહેલા જ તેમના ભાજપમાં જ રહેલા રાજકીય હરીફોએ સુમુલ ડેરીની મતદાર યાદીમાંથી નામ કપાવી નાખતાં તેઓ હવે ફરી પોતાની મૂળ સંસ્થા ગુજરાત ખેડૂત સમાજ (સ્વ.સનત મહેતા)માં પરત ફર્યા છે. જયેશ દેલાડ ઓલપાડમાં ખેડૂત રેલીમાં જોડાતાં હવે ઓલપાડમાં ફરી રાજકીય અને સહકારી ક્ષેત્રે મુકેશ પટેલ વિરુદ્ધ જયેશ દેલાડનો જંગ ફરી શરૂ થાય તેવી સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. જયેશ દેલાડે આજે પત્રકારોને જણાવ્યું હતું કે, તેમણે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં હાઈટેન્શન વીજ ટાવર લાઈનોના કારણે ખેડૂતોને થતા નુકસાન અંગે યોગ્ય નીતિ બનાવવાની સરકાર સમક્ષ માંગ કરી હતી. આ પ્રસંગે ગુજરાત કિસાન કોંગ્રેસના પ્રમુખ જયેશ પટેલ, ખેડૂત અને સહકારી આગેવાન દર્શન નાયક, દ.ગુ. ખેડૂત સમાજના પ્રમુખ રમેશ પટેલ, મોરથાણનાં સરપંચ જયેશ દેસાઈ, કૌશિક દેસાઈ સાહિતનાં ખેડૂત આગેવાનો અને મોટી સંખ્યામાં અસરગ્રસ્ત ખેડૂતો હાજર રહ્યા હતા.

GTUની પરીક્ષામાં ચોરી, દ.ગુ.ના ૩૭ વિદ્યાર્થીની કારકિર્દી પર સંકટ

સુરત જિલ્લાના 12, વલસાડ પોલિટેકનિકના 5, ભરૂચના એક વિદ્યાર્થીનો સમાવેશ

પરિણામ રદ થવાની સાથે ૧થી ૨ સેમ. સુધી પરીક્ષા પ્રતિબંધની શક્યતા, ૬-૭ જુલાઈએ સુનાવણી

સુરતઃ ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU) દ્વારા સમર-૨૦૨૬ની પરીક્ષાઓ દરમિયાન ગેરરીતિ કરતા ઝડપાયેલા વિદ્યાર્થીઓની પ્રોવિઝનલ યાદી જાહેર કરવામાં આવી છે.

સમગ્ર રાજ્યમાંથી કુલ ૨૦૧ વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જેમાં દક્ષિણ ગુજરાતના ૩૭ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ વિદ્યાર્થીઓ માટે આગામી ૬ અને ૭ જુલાઈએ GTUની શિસ્ત સમિતિ સમક્ષ સુનાવણી યોજાશે.

યુનિવર્સિટીએ સ્પષ્ટ કર્યું છે કે સુનાવણીમાં હાજર ન રહેનારા વિદ્યાર્થીઓ સામે એકતરફી નિર્ણય લેવામાં આવશે. ગેરરીતિનો ગુનો સાબિત થવા પર માત્ર ચાલુ સેમેસ્ટરનું પરિણામ જ રદ નહીં થાય, પરંતુ ૧થી ૨ સેમેસ્ટર સુધી પરીક્ષા આપવા પર પ્રતિબંધ પણ મૂકાઈ શકે છે. જેના કારણે અનેક વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દી એક વર્ષ સુધી પાછળ ધકેલાઈ શકે છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૨૦ કેસ ભરૂચ જિલ્લામાં નોંધાયા છે. તેમાં કે. જે. પોલિટેકનિકના ૧૬ અને ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજના ૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. સુરત જિલ્લામાં ૮ વિવિધ કોલેજોના કુલ ૧૨ વિદ્યાર્થીઓ સામે કેસ નોંધાયો છે, જ્યારે વલસાડની સરકારી પોલિટેકનિકના ૫ વિદ્યાર્થીઓ પણ ગેરરીતિ કરતા ઝડપાયા છે. ભરૂચની કે. જે. પોલિટેકનિકનો એક વિદ્યાર્થી પરીક્ષા દરમિયાન બે વખત ચોરી કરતા ઝડપાયો હતો. તેના વિરુદ્ધ લેવલ-૮ની ગંભીર સજા સૂચવવામાં આવી છે, જે UFM નિયમો હેઠળની સૌથી કડક કાર્યવાહી પૈકીની એક ગણાય છે.

મોટાભાગના વિદ્યાર્થીઓ સામે લેવલ-૨ અને લેવલ-૩ હેઠળના ગુના નોંધાયા છે. શૈક્ષણિક વર્તુળોમાં ચર્ચા છે કે પરીક્ષામાં થોડી ક્ષણોના લાભ માટે કરાયેલી ગેરરીતિ હવે અનેક વિદ્યાર્થીઓ માટે એક વર્ષના શૈક્ષણિક નુકસાનનું કારણ બની શકે છે.

સર્વાંગી મૂલ્યાંકન માટે સર્વગ્રાહી પ્રગતિપત્રકનો ધોરણ-9માં અમલ શરૂ

સર્વગ્રાહી પ્રગતિપત્રકના આધારે વિદ્યાર્થીઓનું સર્વાંગી મૂલ્યાંકન કરવામાં આવશે

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડને વ્યવસાયલક્ષી શિક્ષણ માટે પ્રમાણન સંસ્થા બનાવાશે

ગાંધીનગરઃ રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણને વધુ અસરકારક બનાવવા માટે બે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. એક તરફ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી ધોરણ-૯માં સર્વગ્રાહી પ્રગતિ પત્રકનો અમલ કરવામાં આવશે, જ્યારે બીજી તરફ ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને વ્યવસાયલક્ષી શિક્ષણ માટે પ્રમાણન સંસ્થા તરીકે માન્યતા મેળવવા જરૂરી કાર્યવાહી હાથ ધરવાની મંજૂરી આપવામાં આવી છે.

શિક્ષણ બોર્ડમાંથી મળતી માહિતી મુજબ, રાજ્ય સરકારના નિર્ણય મુજબ ધોરણ-૯માં સર્વગ્રાહી પ્રગતિ પત્રકનો અમલ તબક્કાવાર રીતે કરવામાં આવશે. શરૂઆતમાં દરેક જિલ્લાના ૧૦ ટકા સરકારી, અનુદાનિત અને બિનઅનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રાયોગિક ધોરણે તેનો અમલ કરવામાં આવશે. સર્વગ્રાહી પ્રગતિ પત્રક દ્વારા વિદ્યાર્થીઓનું ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકન કરવામાં આવશે.

આ પદ્ધતિમાં માત્ર પરીક્ષાના ગુણોને જ નહીં પરંતુ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને પણ મહત્વ આપવામાં આવશે. તેમાં વિદ્યાર્થીનું સ્વ-મૂલ્યાંકન, સહાધ્યાયીઓ, વાલીઓ અને શિક્ષકો દ્વારા મૂલ્યાંકનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રાજ્ય સરકારે ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને વ્યવસાયલક્ષી શિક્ષણના વિષયો માટે રાષ્ટ્રીય વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ પરિષદ પાસેથી પ્રમાણન સંસ્થા તરીકે માન્યતા મેળવવા માટે જરૂરી કાર્યવાહી કરવાની મંજૂરી આપી છે. રાષ્ટ્રીય વ્યવસાયિક શિક્ષણ અને તાલીમ પરિષદ દેશભરમાં કૌશલ્ય શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમનું નિયમન કરતી અગ્રણી સંસ્થા છે. તેની માન્યતા પ્રાપ્ત કર્યા બાદ શિક્ષણ બોર્ડ તાલીમ, મૂલ્યાંકન અને પ્રમાણપત્ર પ્રદાન કરવાની કામગીરી કરી શકશે. આ નવી પદ્ધતિથી વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ કરી શકાશે તેવું માનવામાં આવી રહ્યું છે.

સરકારનું લક્ષ્ય 100 ટકા નામાંકન-ઝીરો ડ્રોપ રેશિયોનું છેઃ મુખ્યમંત્રી

શાળા પ્રવેશોત્સવમાં સાણંદમાં મુખ્યમંત્રીના હસ્તે 209 વિદ્યાર્થીઓનો પ્રવેશ

ગાંધીનગરઃ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-2026ના ત્રીજા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના પીંપણ ગામ અને સાણંદ મોડલ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વર્ષ 2003માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલો શાળા પ્રવેશોત્સવ આજે સરકારી કાર્યક્રમમાંથી જન-જનનો ઉત્સવ બની ગયો છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારનું લક્ષ્ય શાળાઓમાં 100 ટકા નામાંકન અને ઝીરો ડ્રોપઆઉટ રેટ હાંસલ કરવાનું છે. વાલીઓને બાળકોના શિક્ષણ અને ભવિષ્ય પર વિશેષ ધ્યાન આપવા તેમણે અપીલ કરી હતી. સાણંદ મોડલ સ્કૂલમાં ધોરણ 9 અને 11માં કુલ 209 વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

સાણંદને વિકસતા સેમીકન્ડક્ટર હબ તરીકે ઉલ્લેખતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સ્થાનિક વિદ્યાર્થીઓને પણ વૈશ્વિક સ્તરનું ગુણવત્તાયુક્ત શિક્ષણ મળવું જોઈએ. તેમણે ‘કેચ ધ રેન’ અભિયાન દ્વારા જળસંચય અને ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ માટે પણ અપીલ કરી હતી.

પ્રવેશોત્સવ દરમિયાન મુખ્યમંત્રીએ શાળાની સ્માર્ટ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું તેમજ શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો અને વાલીઓ સાથે બેઠક યોજી હતી.

RTOની એપીકે ફાઈલની લિંક મોકલી ૨૪.૪૦ લાખ ટ્રાન્સફર કરી લેવાયા

બેંક એકાઉન્ટ હેક કરી અલ હુસૈની હેલ્પ ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ, પિંકુ બેનર્જી અને સૂરજ નામના ઇસમોના બેંક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરી લેવાયા

સુરતઃ વરાછાના વેપારીને મોબાઈલ પર ડિજિટલ આર.ટી.ઓ. ઈ-ચલણની બોગસ એપીકે (APK) ફાઈલ મોકલી તેના ખાતામાંથી ૨૪.૪૦ લાખ ઉપાડી લેવાયા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વરાછાના એલ.એચ. રોડ પર આવેલી ત્રિકમ નગર સોસાયટી વિભાગ-૧ માં રહેતા ૩૮ વર્ષીય વેપારી હર્ષદભાઈ ભુપતભાઈ બલર કડોદરાની વિધાતા ઈન્ડસ્ટ્રીઝમાં ‘બલર ટ્રેન્ડઝ’ નામે કારખાનું ધરાવે છે. ગત તારીખ ૨૧/૦૧/૨૦૨૬ના રોજ તેમના મોબાઈલ ફોનના વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી E-Chalan.apk નામની ફાઈલ આવી હતી.

વેપારીએ ભૂલથી આ ફાઈલ પર ક્લિક સાયબર ગઠિયાઓએ બેંકમાં રજીસ્ટર્ડ વેપારીનું મૂળ ઈ-મેઈલ આઈડી બદલીને પોતાની ગેંગનું બોગસ ઈ-મેઈલ આઈડી રજીસ્ટર કરી દીધું હતું અને જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસ દરમિયાન કુલ રૂ. ૨૪,૪૦,૦૦૦/- ત્રણ અલગ-અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા.જેમાં અલ હુસૈની હેલ્પ ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટઃરૂ.૧૧,૦૦,૦૦૦/-, પિંકુ બેનર્જી (Pinku Banerjee): રૂ. ૮,૮૦,૦૦૦/- અને સૂરજ (Suraj): રૂ. ૪,૬૦,૦૦૦/- ટ્રાન્સફર કરી લીધા હતા.આ અંગે વેપારી હર્ષદભાઈ બલરે સૌપ્રથમ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવ્યા બાદ સુરત સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા ઠગ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ઉધના, વલસાડ અને મુંબઈ સેન્ટ્રલથી દોડતી 9 સ્પેશિયલ ટ્રેનના ફેરા વધારાયા

25 જૂનથી બુકિંગ શરૂ: ગુજરાત, મહારાષ્ટ્ર, એમપી અને બિહાર સહિતનાં રાજ્યોના હજારો પ્રવાસીઓને મળશે સીધો ફાયદો

સુરતઃ રેલવે પ્રશાસને વિવિધ રૂટો પર દોડતી 9 જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવવાનો એક મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી ગુજરાત, મહારાષ્ટ્ર, બિહાર, દિલ્હી, ઉત્તરાખંડ અને મધ્યપ્રદેશ તરફ મુસાફરી કરતા હજારો લોકોને સીધો ફાયદો થશે. રેલવેના જણાવ્યા અનુસાર, આ લંબાવવામાં આવેલા ફેરા માટેનું બુકિંગ 25 જૂન 2026થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ કરી દેવામાં આવ્યું છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ, મુંબઈ સેન્ટ્રલ-ઈન્દોર સ્પેશિયલ (09079)ને 28 જુલાઈ 2026 સુધી તથા ઈન્દોર-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ (09080)ને 29 જુલાઈ 2026 સુધી લંબાવવામાં આવી છે. આવી જ રીતે દક્ષિણ ગુજરાતના મુસાફરો માટે અત્યંત મહત્વપૂર્ણ એવી વલસાડ-દાનાપુર સ્પેશિયલ (09025)ને 27 જુલાઈ 2026 સુધી અને દાનાપુર-વલસાડ સ્પેશિયલ (09026)ને 28 જુલાઈ 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે. આ નિર્ણયથી સુરત અને આસપાસના વિસ્તારના લોકોને સૌથી વધુ રાહત મળશે. કારણ કે ઉધના-મધુબની સ્પેશિયલ (09151) હવે 31 જુલાઈ 2026 સુધી ચાલશે, જ્યારે પરતી ટ્રેન મધુબની-ઉધના સ્પેશિયલ (09152)ને 2 ઓગસ્ટ 2026 સુધી લંબાવી દેવાઈ છે. આ સાથે જ ઉધના-હસનપુર સ્પેશિયલ (09031)ને 26 જુલાઈ સુધી તથા હસનપુર-ઉધના સ્પેશિયલ (09032)ને 28 જુલાઈ સુધી ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મુખ્ય ટ્રેનો ઉપરાંત અન્ય કેટલાક રૂટો પર પણ રાહત આપવામાં આવી છે, જેમાં પ્રતાપનગર-લાલકુઆં સ્પેશિયલ (09119-09120), ડૉ. આંબેડકર નગર-પટના સ્પેશિયલ (09343-09344), ઈન્દોર-હઝરત નિઝામુદ્દીન સ્પેશિયલ (09309-09310), ઓખા-શકૂરબસ્તી સ્પેશિયલ (09523-09524) તથા ભાવનગર ટર્મિનસ-શકૂરબસ્તી સ્પેશિયલ (09257-09258)ના ફેરા પણ જુલાઈ અને ઓગસ્ટ મહિના સુધી વધારી દેવામાં આવ્યા છે. રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઉનાળાનું વેકેશન પૂરું થયા પછી પણ હજી ઘણા રૂટો પર મુસાફરોનો ધસારો અને માંગ સતત જોવા મળી રહી છે, જેને ધ્યાનમાં રાખીને જ આ સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન ચાલુ રાખવાનો નિર્ણય કરાયો છે.

ઓનલાઈન ભણીને અર્બન પ્લાનિંગમાં ડિપ્લોમાં થનાર પણ એલિજિબલ?? !

રાજ્યમાં ટાઉન પ્લાનર ભરતીમાં લાયકાત મુદ્દે ભારે વિવાદ સર્જાયો

ટાઉન પ્લાનરે જે-તે વિસ્તારના વિકાસમાં ટેકનિકલી કામ કરવાનું હોય છે, જે ઓનલાઈન ભણવાથી કરી શકાય નહીં

સુરત, ગાંધીનગરઃ ગુજરાતમાં ટાઉન પ્લાનર, જુનિયર ટાઉન પ્લાનર, આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર સહિતના વૈધાનિક નગર આયોજન હોદ્દાઓની ભરતીમાં ઓનલાઈન કોર્ષ કરનારને પણ માન્ય ગણવાના નવા નિયમથી મોટો હોબાળો થયો છે.

મળતી માહિતી મુજબ, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તાજેતરમાં પૂર્ણ કરાયેલી જુનિયર ટાઉન પ્લાનર અને ટાઉન પ્લાનર ભરતીમાં પસંદ થયેલા કેટલાક ઉમેદવારો IGNOU દ્વારા ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ પદ્ધતિ હેઠળ અપાતો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન અર્બન પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ અભ્યાસક્રમ પાસ થયેલા છે.

જેનો ‘ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટાઉન પ્લાનર્સ, ઇન્ડિયા’ દ્વારા વિરોધ કરવાની સથે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સમક્ષ રજૂઆત કરવામાં આવી હોવા આવી છે અને આ હોદ્દાઓની માન્યતા સામે પુનર્વિચાર કરવાની માંગ કરી છે.

વિશેષજ્ઞોના જણાવ્યા મુજબ નગર આયોજન ક્ષેત્રમાં આયોજન સ્ટુડિયો, ભૌગોલિક માહિતી પ્રણાલી (GIS), ક્ષેત્ર સર્વેક્ષણ, જમીન ઉપયોગ આયોજન, વિકાસ નિયંત્રણ નિયમો, માળખાગત સુવિધા આયોજન અને સ્થળ વિશ્લેષણ જેવી પ્રાયોગિક તથા તકનિકી તાલીમ અત્યંત જરૂરી છે. આ ક્ષેત્રના અધિકારીઓ શહેરોના વિકાસ આરાખડા, ટાઉન પ્લાનિંગ સ્કીમ, ઝોનિંગ નિયમો, બિલ્ડિંગ મંજૂરી, માર્ગ વ્યવસ્થા અને માળખાગત વિકાસ જેવા મહત્વના નિર્ણયો લેતા હોવાથી વ્યાવસાયિક કુશળતા અને મેદાની અનુભવને વિશેષ મહત્વ આપવામાં આવે છે. આ સંજોગોમાં ભરતી પ્રક્રિયામાં લાયકાતોની સમકક્ષતા અંગે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવી અને વૈધાનિક હોદ્દાઓ માટે જરૂરી વ્યાવસાયિક ધોરણો સુનિશ્ચિત કરવું જાહેર હિતમાં જરૂરી હોવાનું ઉમેદવારો અને વ્યાવસાયિકોએ જણાવ્યું છે.

અનુસંધાન… પાના છેલ્લાનું

ચોમાસાની…

પ્રમાણ વધુ હોવાને કારણે લોકોને ગરમી સાથે બફારાનો પણ અનુભવ થયો હતો. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક 14 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતો રહ્યો હતો, પરંતુ તેનાથી ગરમીમાં ખાસ રાહત મળી નહોતી. હવામાન વિભાગે ચોમાસાના આગમનની સત્તાવાર જાહેરાત કર્યા બાદ ખેડૂતો સહિત શહેરવાસીઓ વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. જોકે આજે સર્જાયેલું વાતાવરણ ચોમાસા કરતાં ઉનાળાની ઋતુને વધુ અનુરૂપ જણાતું હતું. આકાશ સ્વચ્છ રહેતાં અને વાદળોની અછતને કારણે વરસાદની કોઈ શક્યતા દેખાઈ નહોતી. હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન સુરત જિલ્લાના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની આગાહી વ્યક્ત કરી છે. વિભાગના જણાવ્યા મુજબ ચોમાસાની પ્રવૃત્તિ ધીમે ધીમે સક્રિય બનશે અને આગામી દિવસોમાં વરસાદી માહોલ જામી શકે છે. જોકે હાલમાં વરસાદની અનિશ્ચિતતા યથાવત રહેતાં લોકોને ગરમી અને બફારાનો સામનો કરવો પડી રહ્યો છે.

ચોમાસાની એન્ટ્રી…

હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમિયાન દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

રાજ્યમાં ચોમાસાની સત્તાવાર એન્ટ્રી થઈ ગઈ છે, પરંતુ વરસાદની ગતિ હજુ પણ ધીમી રહેતાં રાજ્યમાં વરસાદની મોટી ઘટ નોંધાઈ રહી છે. રાજ્યના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર આંકડા મુજબ 25 જૂન સુધી રાજ્યમાં સરેરાશ માત્ર 25.77 મીમી વરસાદ નોંધાયો છે, જે કુલ મોસમી વરસાદના 2.84 ટકા જેટલો થાય છે. ગયા વર્ષે આ જ તારીખે રાજ્યમાં 231.40 મીમી એટલે કે 26.24 ટકા વરસાદ થઈ ચૂક્યો હતો. આમ, રાજ્યમાં હાલ 205.63 મીમી જેટલી વરસાદી ઘટ જોવા મળી રહી છે, જે ટકાવારીના હિસાબે આશરે 23.4 ટકા જેટલી મોટી ઘટ ગણાય છે. 26 અને 27 જૂને બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, નર્મદા, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં પણ છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, મોરબી અને કચ્છ જિલ્લામાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે.

28 જૂનથી 2 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં વરસાદી પ્રવૃત્તિ યથાવત રહેવાની સંભાવના છે. સાથે જ વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં પણ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ગુરુવારે સાંજે છ વાગ્યા સુધી રાજ્યમાં માત્ર જૂનાગઢ જિલ્લાના માળિયા હાટિના તાલુકામાં નહિવત વરસાદ નોંધાયો હતો. જ્યારે છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના 16 તાલુકાઓમાં 3.35 ઈંચથી લઈને 3 મીમી સુધીનો વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાતમાંથી ચોમાસાની એન્ટ્રી થતાં વરસાદી માહોલ સર્જાયો છે, પરંતુ રાજ્યના મોટાભાગના વિસ્તારો હજુ સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે.

રાજ્યમાં ગરમીનો પારો ઉંચે જ રહે છે, અમદાવાદ-રાજકોટમાં 40 ડિગ્રી તાપમાન

બીજી તરફ વરસાદની રાહ વચ્ચે ગરમીનો માહોલ યથાવત રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજકોટ અને અમદાવાદમાં 40 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે કંડલા એરપોર્ટ પર 39 ડિગ્રી, ગાંધીનગરમાં 39 ડિગ્રી, વડોદરામાં 39 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 39 ડિગ્રી અને ભાવનગરમાં 38 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. દક્ષિણ ગુજરાતમાં સુરત અને દમણમાં 34 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. અમદાવાદમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની આગાહી કરવામાં આવી છે.

નાસીરનગર મુદ્દે…

કરી હતી કે, નાસીરનગરમાં દાયકાઓથી લોકો વસવાટ કરે છે અને તેમના પૂર્વજો પણ ત્યાં રહેતા હતા. તેમ છતાં 30 મેના રોજ અચાનક બુલડોઝર લાવીને મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. ઘટનાના બીજા દિવસે અરજદારોએ સુરત મહાનગરપાલિકા કમિશનરને રજૂઆત કરી હતી, પરંતુ કોર્પોરેશને ડિમોલિશનનો કોઈ સત્તાવાર આદેશ આપ્યો ન હોવાનું જણાવ્યું હતું. સુનાવણી દરમિયાન જસ્ટિસ નિખિલ કરિયેલે પ્રશ્ન કર્યો હતો કે, જો સુરત મનપા ના પાડે છે તો આ ડિમોલિશન કોર્પોરેશને જ કર્યું છે તેવું કયા આધારે કહી શકાય અને ત્યાં હાજર મશીનરી તથા માણસો કોના હતા? જેના જવાબમાં અરજદારોના ધારાશાસ્ત્રીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે ડિમોલિશન કરનારી એજન્સી સુરત મહાનગરપાલિકાની જ હતી અને ઘટના સ્થળે સુરત મનપાના ૭ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓ હાજર હતા. આ ઉપરાંત, કાયદો અને વ્યવસ્થા જાળવવાના નામે ત્યાં સુરત SOGના અને ચોક બજાર પોલીસ સ્ટેશનના ૨૦થી ૨૫ જેટલા પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા, તેમજ સૌથી મહત્વની બાબત એ છે કે ડિમોલિશન શરૂ થાય તે પહેલાં જ ટોરેન્ટ પાવર લિમિટેડ દ્વારા ત્યાંનો વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો.

અરજદારો તરફથી ધારાશસ્ત્રીએ વધુમાં દાવો કર્યો હતો કે ડિમોલિશન પહેલાં ટોરેન્ટ પાવર દ્વારા વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. ઉપરાંત સ્થળ પર સુરત એસઓજીના 20થી 25 જેટલા પોલીસ કર્મચારીઓ, ચોક બજાર પોલીસ સ્ટેશનનો સ્ટાફ અને મનપાના અધિકારીઓ હાજર હતા. સુનાવણી દરમિયાન હાઇકોર્ટે મહત્વનો સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે અસરગ્રસ્તોએ પોલીસ સમક્ષ ફરિયાદ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે સુરત પોલીસ કમિશનરે ફરિયાદ કેમ લીધી નહીં? કોર્ટે એ પણ નોંધ્યું હતું કે જો એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમ ઘટનાસ્થળે સત્તાવાર ફરજ વિના હાજર રહ્યા હોય તો તેઓ આગામી સુનાવણીમાં કોર્ટ સમક્ષ ઉપસ્થિત થાય.

સુરતીઓએ ચિંતા…

લખપુરીમાં 41 મીમી, કાકડીમ્બામાં 32 મીમી, ચોપડવાવમાં 29 મીમી, ધુલિયામાં 25 મીમી, પીંપરીમાં 23 મીમી, ભુસાવલમાં 21 મીમી, હથનુરમાં 19 મીમી, ચીકલધરામાં 18 મીમી, તલાસવાડામાં 14 મીમી અને ડામરખેડામાં 13 મીમી વરસાદ નોંધાયો હતો.

ઉપરવાસમાં સતત વરસી રહેલા વરસાદને કારણે ઉકાઈ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં પાણીની આવક વધવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી વરસાદની અનિયમિત સ્થિતિ વચ્ચે આ વરસાદ ડેમ માટે રાહતરૂપ સાબિત થઈ શકે છે. જો આગામી દિવસોમાં પણ ઉપરવાસમાં સારો વરસાદ ચાલુ રહેશે તો ડેમની જળસપાટીમાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા છે. ઉપરવાસના વિસ્તારોમાં પડેલા સારા વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વરસાદના કારણે ખેતીલાયક જમીનમાં ભેજનું પ્રમાણ વધશે તેમજ ખરીફ પાકોની વાવણીને વેગ મળશે. સાથે જ જળાશયો અને કૂવા-બોરવેલના જળસ્તરમાં પણ સુધારો થવાની આશા છે.

યુપીના ભાજપના…

સોશિયલ મીડિયા પર વાઇરલ થતાં જ પોલીસ પ્રશાસનની ઊંઘ ઊડી ગઈ છે. જોકે, પોલીસે મોડી સુધી પણ આ મામલે કોઈ જ ગુનાઓ નોંધ્યા નહોતા.

બે દિવસ પૂર્વે યુપીના ધારાસભ્ય ચંદ્રભાન પાસવાન સુરત એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. તેમના સ્વાગત માટે સુરતમાં વસતા પરપ્રાંતીય સમર્થકો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. ધારાસભ્યના ખાસ ગણાતા જીતેશ સિંહ અને અન્ય સમર્થકોએ કાયદા દ્વારા પ્રતિબંધિત બ્લેક ફિલ્મ (કાળા કાચ) ધરાવતી અંદાજે ૧૫ જેટલી મોંઘીદાટ લક્ઝરી કારોનો કાફલો રસ્તા પર ઉતાર્યો હતો. ઉધના-મગદલ્લા રોડથી લઈને એરપોર્ટ સુધી આ કાફલો ફૂલ સ્પીડે દોડ્યો હતો. ચાલુ ગાડીએ બારીઓમાંથી બહાર નીકળીને સમર્થકોએ હુરિયો બોલાવ્યો હતો અને મોટા અવાજે ભોજપુરી ગીતો વગાડી રીલ્સ બનાવી સોશિયલ મીડિયામાં વટ પાડવાનો પ્રયાસ કર્યો હતો. એરપોર્ટથી આ કાફલો વેસુ થઈને સીધો સર્કિટ હાઉસ પહોંચ્યો હતો. વીઆઈપી અને અતિ સંવેદનશીલ ગણાતા એરપોર્ટ રૂટ પર આટલો મોટો કાફલો નિયમો તોડીને નીકળી ગયો છતાં સ્થાનિક ટ્રાફિક પોલીસને કાનોકાન ખબર ન પડતાં તંત્રની કામગીરી સામે મોટા સવાલો ઊભા થયા છે.

અમરેલીના…

રાત્રિના સમયે દૂધ આપવા માટે જઈ રહ્યો હતો. બાળક દાદાની આંગળી પકડીને ચાલતો હતો ત્યારે અચાનક અંધારામાંથી એક સિંહણ ત્રાટકી હતી. દાદા કાંઈ સમજી શકે તે પહેલા જ સિંહણે બાળક પર હુમલો કરીને તેને ઉઠાવી લીધો હતો અને જંગલ તરફ દોડી ગઈ હતી. દાદાની ચીસો સાંભળી આસપાસના લોકો તરત જ દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ સમગ્ર ગામમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. ગ્રામજનોએ લાકડીઓ અને ટોર્ચ લઈને બાળકની શોધખોળ શરૂ કરી હતી. કેટલાક યુવાનો સિંહણની પાછળ પણ દોડ્યા હતા અને બાળકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ભારે પ્રયાસો છતાં બાળકને જીવતો બચાવી શકાયો ન હતો. ગામથી થોડે દૂર બાળકનો લોહીલુહાણ મૃતદેહ મળી આવતા પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો.

સિંહોની…

અનેક સિંહોને પકડી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. આ દુઃખદ ઘટનાએ ફરી એક વખત માનવ અને વન્ય પ્રાણી વચ્ચે વધતા સંઘર્ષનો ગંભીર પ્રશ્ન ઉભો કર્યો છે. ગ્રામજનો હવે પોતાના પરિવાર અને બાળકોની સુરક્ષા અંગે ચિંતિત બન્યા છે અને વન તંત્ર પાસેથી કાયમી અને અસરકારક ઉકેલની માંગ ઉઠી રહી છે.